**પ્રભો તું આદિ છે, શુચિ પુરુષ પુરાણ તું જ છે. તું સૃષ્ટિ ધારે છે, સૃજન પ્રલયે નાથ તું જ છે...**

## રાજ્યમાં વધુ ૫૧૦ નવા કેસ : અમદાવાદમાં ૩૧૭ : ગાંધીનગરમાં ૧૨


સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૦૦ | ૧૯ જુન, ૨૦૨૦, શુક્રવાર; જેઠ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# રેલવેના ચીનની કંપની સાથેના કરાર રદ

**ભારતીય રેલવેએ ચીનની કંપની સાથેના કરાર આખરે રદ કર્યા : ગલવાનની ઘટના બાદ ભારતમાં ચીનના વિરોધમાં ઉગ્ર પ્રત્યાઘાત : દેશભરમાં ચીનના ભારત વિરોધી પગલાંનો ભારે વિરોધ, ઠેર-ઠેર દેખાવો, શી ઝિનપિંગના પૂતળાં બાળ્યા : પપ્પુ યાદવે જેસીબી પર ચઢી વિરોધ નોંધાવ્યો**

નવી દિલ્હી, તા. ૧૮

ગલવાન ઘાટીની ઘટનાઓ પછી ઈ બોયકોટચીન અભિયાન તેજ બન્યું છે. ભારતીય રેલવેએ ચીનની કંપની બેઈજિંગ નેશનલ રેલવે રિસર્ચ એન્ડ ડિઝાઈન ઓફ સિગ્નલ એંડ કમ્યુનિકેશન લિમિટેડને અપાયેલો કરાર રદ કરી દીધો છે. આ કંપનીના કાનપુર-દિન દયાળુ સેક્શન બનાવવાનો કોન્ટ્રેક્ટ મળ્યો હતો. આ આશરે ૪૧૭ કિલોમીટર લાંબો કોરિડોર છે. ચીનની




કંપનીને રેલવેએ નવેમ્બર જૂન ૨૦૧૬માં આ કોન્ટ્રાક્ટ ૪૭૧ કરોડમાં આપ્યો હતો. છેલ્લા ચાર વર્ષોમાં ફક્ત ૨૦ ટકા જ કામ થયું છે. કોન્ટ્રાક્ટ કેન્સલ કરવા અંગે જણાવાયું છે કે કંપની કરાર મુજબ આ પ્રોજેક્ટને લઈને ટેક્નિકલ ડોક્યુમેન્ટ જેવા કે લોજિક ડિઝાઈન, ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ જમા કરાવ્યા નથી. આ ઉપરાંત સાઈટ પર કોઈ કંપનીનો કોઈ એન્જિનિયર અથવા અધિકારીઓ પણ ઉપલબ્ધ હોતો નથી. રેલવે તરફથી જણાવ્યું હતું કે આ કામ મોડું પૂરું થવાની સંભાવના છે, કેમકે કંપની કંપની હજી સુધી કોઈ પણ સ્થાનિક એજન્સી સાથે કોઈ કરાર નથી કર્યા. એવામાં કામમાં ઝડપ કઈ રીતે આવી શકે. રેલવેએ તે પણ જણાવ્યું હતું કે આ બાબતોની અનેક વખત કંપનીના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી, તે સમયે તેમની સમસ્યાઓ અંગે વારંવારજાણ કરવા છતાં

● અનુસંધાન પાન-૭ પર

# પ્રસિદ્ધ જગન્નાથપુરીની રથયાત્રાને સુપ્રીમની રોક

**ઇતિહાસમાં પ્રથમવાર પુરીમાં જગતના નાથ આ વર્ષે નગરચર્યાએ નહી નીકળે**

ન્યુ દિલ્હી,તા.૧૮

સુપ્રીમ કોર્ટ દ્વારા દેશ વ્યાપી વર્તમાન કોરોનાના સંકટ વચ્ચે ઓડિશામાં આગામી ૨૩ તારીખ યોજાનારી ઐતિહાસિક અને પારંપારિક ભગવાન જગન્નાથજી મંદિરની રથયાત્રા પર રોક લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે કોરોના વાયરસની મહામારીને ધ્યાનમાં રાખીને આ રથયાત્રા પર રોક લગાવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા જગન્નાથપુરીની રથયાત્રાને લઈને તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી હતી. અત્યાર સુધીના ઈતિહાસમાં પહેલીવાર બનશે જ્યારે જગતના નાથ આ વર્ષે નગરચર્યાએ નહી નીકળે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ હવે



અમદાવાદ સહિત બીજા શહેરોમાં નીકળતી રથયાત્રા પર પણ સવાલ ઉભા થઈ શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

# ચાઈનીઝ ફૂડ પર પ્રતિબંધ મૂકો : આઠવલે

**ચીન સામે દેશભરમાં ભભૂકતો રોષ : લોકોએ રિએક્શનમાં કહ્યું: 'ફૂલકોબી મંચૂરિયન પણ ખાતા નહીં !**

નવી દિલ્હી, તા. ૧૮

ભારત અને ચીન વચ્ચે સરહદ પર તણાવ વધી રહ્યો છે. પૂર્વ લદાખમાં સોમવારે રાત્રે ભારત-ચીની સૈનિકો વચ્ચે હિંસક અથડામણમાં ૨૦થી વધુ ભારતીય જવાનો ઘાયલ થયા હતા. ત્યારબાદથી હવે દેશભરમાં ચીનમાં બનેલા સામાનનો બહિષ્કાર કરવાની લોકોને અપીલ કરવામાં આવી રહી છે. આ દરમિયાન કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના મંત્રી રામદાસ અઠાવલેનું નિવેદન આવ્યું છે. રામદાસ અઠાવલેએ કહ્યુ કે, ભારતમાં વેચાતા ચાઈનીઝ ફૂડનો બહિષ્કાર કરવો જોઈએ. આ સાથે કેન્દ્રીય મંત્રીએ એમ પણ કહ્યું કે, રેસ્ટોરન્ટ કે રોડ સાઈડ વેચાઈ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૮૫૦૪૩૬૧ | ૪૫૨૯૬૫ | ૪૩૧૨૧૬૦ |
| ભારત | ૩૭૭૧૨૨ | ૧૨૫૦૧ | ૨૦૦૩૫૮ |
| ગુજરાત | ૨૫૬૫૮ | ૧૫૯૨ | ૧૭૮૨૭ |
| ગાંધીનગર | ૫૩૧ | ૨૭ | ૩૨૨ |

# દેશમાં કોરોનાના નવા ૧૨૮૮૧ કેસ

**૨૪ કલાકમાં ૩૪૪ દર્દીનાં મોત : દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓને સંખ્યા ૩ લાખ ૬૬ હજારને પાર : દેશમાં મહારાષ્ટ્રમાં સૌથી વધારે કેસ નોંધાયા, ત્યારબાદ તમિલનાડુ, દિલ્હી, ગુજરાત, યુપી, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યો છે**

નવી દિલ્હી, તા. ૧૮

ગુરુવારે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧૨,૮૮૧ કેસ સામે આવ્યા છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ, દેશમાં મહારાષ્ટ્રમાં સૌથી વધારે કેસ નોંધાયા છે. ત્યારબાદ તમિલનાડુ, દિલ્હી, ગુજરાત, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ અને મધ્ય પ્રદેશ જેવા રાજ્યો છે. મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૧,૧૬,૭૫૨ થઈ ગઈ છે. ત્યાંજ ૫૯,૧૬૬ લોકોએ કોરોનાને માત આપી છે અને ૫,૬૫૧ લોકોના આ જીવલેણ બીમારીથી મોત થઈ ગયા છે. તમિલનાડુમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા



આ સાથે જ દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની ૩,૬૬,૯૪૬ થઈ ગઈ છે. કોરોનાને કારણે ગઈકાલે ૩૪૪ લોકોના મોત થયા છે અને કુલ મૃત્યુઆંક ૧૨,૨૩૭ પર પહોંચી ગયો છે. દેશમાં અત્યાર સુધી ૧,૯૪,૩૨૫ લોકોએ કોરોનાને માત આપી દીધી છે.

● અનુસંધાન પાન-૭ પર

# કોરોનાની રસી ઓક્ટો.ના અંત સુધીમાં તૈયાર થઈ જશે

**કેટલાક દર્દીઓ પર રસીનો પ્રયોગ જારી : અમેરિકી કંપની ફાઇઝરનો દાવો : વિશ્વના તમામ દેશો કોરોના રસી બનાવવા માટે રાત-દિવસ કામ કરી રહ્યા છે**

નવી દિલ્હી, તા. ૧૮

ફાર્માસ્યુટિકલ ઉત્પાદકો અને વિશ્વભરના નિષ્ણાતો કોરોના વાયરસના ચેપની કાયમી સારવાર માટે રસી તૈયાર કરવામાં રોકાયેલા છે. દરમિયાન, વૈશ્વિક દવા ઉત્પાદક ફાઈઝર દાવો કરે છે કે કોવિડ -૧૯ ને રોકવા માટે એક રસી ઓક્ટોબરના અંત સુધીમાં તૈયાર થઈ શકે છે. આ માહિતી કંપનીના સીઈઓ આલ્બર્ટ બોરલાએ આપી છે. યુએસ સ્થિત ફાર્મા કંપની ફાઈઝરના ચીફ ઓપરેટિંગ ફિસર (સીઈઓ) આલ્બર્ટ બોરલાએ દાવો કર્યો છે કે જો બધું અપેક્ષા મુજબ ચાલે તો ઓક્ટોબર સુધીમાં રસીના લાખો ડોઝ તૈયાર કરી પૂરા પાડવામાં આવશે. કંપનીએ તૈયાર કરેલી રસીનું નામ બી.એન.ટી ૧૬૨ છે. ૫ માર્ચે, જર્મનીમાં આ રસીનો પ્રથમ ડોઝ માનવો પર ક્લિનિકલ ટ્રાયલ હતો. એક અગ્રણી અખબાર સાથેની વાતચીતમાં આલ્બર્ટ બુર્લાએ કહ્યું છે કે જો બધુ બરાબર ચાલે છે અને નસીબ આપણી સાથે રહે છે, તો અમારી પાસે પૂરતા પુરાવા છે કે સલામત અને અસરકારક કોરોના વાયરસની દવા આ

● અનુસંધાન પાન-૭ પર

# આજે ૮ રાજ્યોમાં રાજ્યસભાની ૧૯ બેઠકો માટે ચૂંટણી યોજાશે

**કોરોનાની મહામારીને પગલે ચૂંટણી પંચે વિશેષ આયોજન કર્યું : કોરોના ચેપગ્રસ્ત ધારાસભ્યોના માટે તંત્ર દ્વારા પોસ્ટલ બેલેટ તેમજ પીપીઈ કિટથી સજ્જ થઈ મતદાન કરવાની સુવિધા પુરી પડાશે : સાવચેતીના પગલા**

નવી દિલ્હી, તા. ૧૮

કોરોના વાયરસના પ્રકોપ વચ્ચે ૧૯મી જૂને દેશના ૮ રાજ્યોમાં કુલ ૧૯ રાજ્યસભાની બેઠકો માટે શુક્રવારે મતદાન થશે. ગુજરાત અને મધ્યપ્રદેશમાં અનેક ધારાસભ્ય કોવિડ-૧૯ની લપેટમાં આવી ગયા હતા. તેને લઈ કોરોના ચેપગ્રસ્ત ધારાસભ્યોના માટે રાજ્યસભાની ચૂંટણીમાં મતદાન માટે ચૂંટણી વિભાગે વિશેષ તૈયારી કરી છે. તંત્ર દ્વારા આવા ધારાસભ્યોના માટે પોસ્ટલ બેલેટ તેમજ પીપીઈ કિટથી સુસજ્જ થઈને મતદાન કરવાની સુવિધા પુરી પાડશે. ગુજરાતમાં સત્તાપક્ષ ભાજપના ત્રણ ધારાસભ્ય કોરોના ચેપગ્રસ્ત થયા હતા. જેમાં નરોડા બેઠકના બલરામ થાવાણી, નિકોલના જગદીશ પંચાલ તેમજ વેજલપુર બેઠકના કિશોર ચૌહાણનો કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝીટીવ આવતા હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ ત્રણેય ધારાસભ્યોનો રિપોર્ટ નેગેટીવ આવતા હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ છે. ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીમાં એક એક મત માટે બંને પક્ષ વચ્ચે જોરદાર સંઘર્ષ જોવા મળી રહ્યો છે. આ સ્થિતિમાં ભાજપના ત્રણેય ધારાસભ્યના મત મહત્વના માનવામાં આવી રહ્યા છે. ચૂંટણી વિભાગે કોરોના ચેપગ્રસ્ત થયેલા ધારાસભ્યોના મતદાન માટેની સુવિધા આપી છે. તેના અંતર્ગત ત્રણેય ધારાસભ્યો પીપીઈ કિટ પહેરીને મતદાન કરવાનું રહેશે. મતદાન પૂર્વે તેમનું થર્મલ સ્ક્રીનીંગ પણ કરાશે. આ ઉપરાંત તેઓના મતદાન બાદ પોલિંગ બુથને સંપુર્ણપણે સેનિટાઈઝ કરવામાં આવશે. ચૂંટણી તંત્રે તેમને પોસ્ટલ બેલેટથી મતદાન કરવાની સુવિધા પ્રદાન કરી છે.

# મણિપુર ભાજપ સરકારમાં ભંગાણ

**3 સભ્યો કોંગ્રેસમાં : નાયબ મુખ્યમંત્રી સહિત ચાર સભ્યોના રાજીનામા, કોંગ્રેસ સરકાર બનાવશે : વિશેષ સત્ર બોલાવવાની માગ કરશે**

ઈમ્ફાલ, તા. ૧૮

મણિપુરના નાયબ મુખ્યમંત્રી વાય. જોયકુમાર સિંહ સહિત નેશનલ પીપુલ્સ પાર્ટી(એનપીપી)ના ૪ મંત્રીએ બુધવારે રાજ્યની ભાજપની જોડાણવાળી સરકારમાંથી રાજીનામા ધરી દીધા હતા. જોયકુમાર ઉપરાંત જનજાતીય અને પર્વતીય ક્ષેત્ર વિકાસ મંત્રી એન. કાઈશી, યુવા અને રમતગમત વિભાગના મંત્રી લેતપાઓ હાઓકિપ અને આરોગ્ય મંત્રી એલ.જયંતકુમાર સિંહે મુખ્યમંત્રી એન. બિરેનસિંહને પોતાના રાજીનામા સુપરત કર્યા હતા. જોયકુમાર સિંહે જણાવ્યુ હતું કે અમે મુખ્યમંત્રીને રાજીમાના આપી દીધા છે. રાજીનામા આપનાર

● અનુસંધાન પાન-૭ પર





